R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગ
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 32 DATE: 06-08-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## હાઇકોર્ટના આદેશ મુજબ ઇબીસી ક્વોટા રદ કરાતાં ઇજનેરી-ફાર્મસી કોર્સમાં પ્રવેશ કામગીરી સ્થગિત કરાઇ

હાઈકોર્ટે ઈબીસી ક્વોટા રદ કર્યા પછી એન્જીનીયરીંગ -ફાર્મસી સહિતના પ્રોફેશનલ કોર્સમાં હાલમાં ચાલી રહેલી તમામ પ્રવેશ પ્રક્રિયાને સ્થગિત કરી દેવામાં આવી છે.ગાંધીનગર મળેલ સુચનાથી એસીપીસી દ્વારા વેબસાઈટ પર તમામ પ્રવેશ પ્રક્રિયાને સ્થગિત કરી દેવાઈ હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

સવર્ણ સમાજના આર્થિક રીતે નબળા વર્ગ માટે સરકારે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરી હતી. આ અંગે હાઈકોર્ટમાં કેસ ચાલી જતાં વડી અદાલત ગઈકાલે આ ૧૦ ટકાને ગેરબંધારણીય ગણાવીને રદ કરી દીધું હતું.તેમજ આ કેટગરી અંતગર્ત એડમિશન રદ કરવાનો આદેશ કર્યો હતો.તેના પગલે એસીપીસીએ ગાંધીનગર શિક્ષણ વિભાગ સાથે ચર્ચા શરુ કરી હતી.ઈબીસી કેટેગરી હેઠળ જેટલી બેઠકો ફળવાઈ હતી અને જેટલા એડમિશન અપાયા તે તમામ વિગતો ગાંધીનગર મોકલી અપાઈ હતી.ત્યારબાદ સુચના આવતા તે પ્રમાણે એસીપીસીએ એડ મિશનને લગતી તમામ કાર્યવાહી જે તે પોઈન્ટ પર રદ કરી હતી.

હાલમાં ડીગ્રી એન્જીનીયરીંગની ખાલી બેઠકો માટે ઓફ લાઈન રાઉન્ડની પ્રક્રિયા ચાલી રહી છે.જેમાં નવા વિદ્યાર્થીઓને પીન વિતરણ અને અગાઉ રજીસ્ટ્રેશન કરાવ્યુ હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન કન્સેન્ટ આપવાની કાર્યવાહી ચાલી રહી છે.ફાર્મસીની ફી ભરવાનો તબક્કો ચાલી રહ્યો છે. ડિપ્લોમાં ટુ ડીગ્રીમાં ચોઈસ ફીલીંગ ચાલી રહ્યું છે.એમઈ-એમ ફાર્મમાં ફી ભરવાની કાર્યવાહી ચાલી રહી છે.એમબીએ અને એમસીએમાં પણ ખાલી જગ્યા ભરવા માટેના રાઉન્ડ ચાલી રહ્યા છે.

આ તમામ કોર્સમાં ચાલી રહેલી આ તમામ કાર્યવાહી તાકીદની અસરથી સ્થગિત કરી દેવામાં આવી છે.એસીપીસીના મેમ્બર સેક્રટરી ડો.વડોદરીયાએ કહ્યુ કે હાલ તુર્ત પ્રવેશ પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે.હાલમાં જે કોર્સમાં જે કાંઈ પ ણ સ્થિતિ હશે તેમાં નવું કશું થઈ શકશે નહીં.નવી સુચના મળે ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવશે.જરુર પડેથી નવેસરથી પ્રવેશ પ્રક્રિયા થશે.

## ગુજરાતના નવા સુકાની તરીકે કોણ પદભાર સંભાળશે તે નિશ્ચિત નથી

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યા બાદ આનંદીબેન પટેલ બાદ કોણ ગુજરાતના સુકાની તરીકે આવશે તે હજુ સુધી નક્કી થયું નથી. લગભગ ૨૪ કલાકના સમયમાં આ નામ નક્કી કરાશે. હાલમાં કેટલાક નામો ચર્ચા પર ચાલી રહ્યા છે અને મીડીયા કેટલાક ખાસ મહાનુભાવો તરફ લક્ષ આપી રહ્યુ છે. પટેલ લોબી જો કામ કરશે તો નીતીન પટેલનું નામ નવા મુખ્યમંત્રી તરીકે આવી શકે છે. પરંતુ છેલ્લી ઘડીએ કોના ગળામાં વરમાળા પડશે તે તે લગભગ વડાપ્રધાન જ નક્કી કરશે તેવું લાગી રહ્યુ છે. પરંતુ ભાજપના પ્રમુખ આ બાબતે કોના પર કળશ ઢોળે છે તે જાહેર થયા બાદ ખબર પડશે

## કેન્દ્રીય રાજ્ય આરોગ્ય મંત્રી મુજબ ભારતમાં સરેરાશ ૮૯૩ દર્દીએ સરેરાશ એક જ ડોકટર છે

કેન્દ્રીય રાજ્ય આરોગ્યમંત્રી ફગ્ગનસિંહ કુલસ્તેએ લોકસભામાં લેખિત જવાબમાં આપેલ માહિતી મુજબ દેશમા ઉપલબ્ધ એલોપેથિક, આર્યુવેદિક,યુનાની,અને હોમીયોપેથ સહિતના તબીબોને ગણતરીમાં લેતાં પણ પ્ર તિ ૮૯૩ દર્દીએ એક તબીબ ઉપલબ્ધ છે.

તેમણે જવાબમાં જણાવ્યુ હતું કે દેશમાં હાલ ૯.૫૯ લાખ નોધાયેલા એલોપેથી તબીબ છે.તો આર્યુવેદીક,યુનાની અને હોમીયોપેથ તબીબોની સંખ્યા ૬.૭૭ લાખ છે.નોધાયેલ તબીબ પૈકી હકીકતે ૭.૬૭ એલોપેથીક તબીબોની સેવા દેશવાસીઓને ઉપલબ્ધ છે.અર્થાત નોધાયેલા એલોપેથીક તબીબ પૈકી પણ ૮૦ ટકા તબીબોની સેવા જ ઉપલબ્ધ છે. તે પ્રમાણે ગણતરી કરતાં વસ્તી અને તબીબની સરેરાશ ૧ :૧૬૮૧ની બેસે છે.

એલોપેથીક અને આર્યુવેદિક તબીબોની સંખ્યાને સાથે ગણવામાં આવે તો આ સરેરાશ ૧ :૮૯૩ની રહે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ તાજેતરમાં ચિંતા જાહેર કરી હતી કે દેશના મોટાભાગના એલોપેથિક તબીબ યોગ્ય તબીબી લાયકાત પણ ધરાવતા નથી.તેને પગલે આરોગ્યપ્રધાને લોકસભામાં આ માહીતી આપી હતી.

તેમણે કહ્યુ હતું કે મેડિકલ કાઉન્સીલ એક્ટ ૧૯૫૬ મુજબ નોધાયેલ તબીબ જ પ્રેકટીસ કરી શકતા હોય છે.બાકીના કોઈ પ્રેકટીસ કરતાં હોય તો તેમને સજા અને દંડની જોગવાઈ છે જ.

તેમણે કહ્યુ હતું કે દેશમાં ૭,૮૯,૭૯૬ સહાયક નર્સ મીડવાઈફ, ૧૭,૯૩,૩૩૭ નોધાયેલી નર્સ મીડવાઈફ ઉપલબ્ધ છે.આમ નોધાયેલ તબીબો પૈકી ૮૦ ટકા અને નોધાયેલ પૈકીના ૬૦ ટકાની સેવા દેશમાં ઉપલબ્ધ રહેતી હોવાનું તારણ કાઢતાં સરેરાશ ૧.૭૪૮ની બેસે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## નાઇજીરીયાના આતંવાદી સંગઠન બોકો હરામે તમામ ખ્રિસ્તીઓની હત્યા કરીને ચર્ચોને તોડી પાડવામાં આવશે તેવી ધમકી ઉચ્ચારી

નાઈજીરીયાના આતંકવાદી ઈસ્લામી સંગઠન બોકો હરામના નવા નેતાએ તમામ ચર્ચને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે અને તમામ ખ્રિસ્તીઓની હત્યા કરી દેવાશે તેવી ધમકી ઉચ્ચારી છે.આ સંગઠન હાલ સુધી મુસ્લીમ મસ્જીદો અને બજારોને નિશાન બનાવીને ટાર્ગેટ કરતું હતું.પરંતુ સંગઠને તેના વ્યુહ બદલ્યા છે.આઈએસના અખબારને મુલાકાત આપતાં સંગઠનના નવા નેતાએ જણાવ્યુ હતું કે વિસ્તારમાં પરદેશી લોકો ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરી રહ્યા છે.બિન ખ્રિસ્તી દેશોમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવા નિકળ્યા છે.આ સંગઠન અત્યાર સુધી મુસ્લીમ મસ્જીદો પર આત્મઘાતી હુમલા કરતું હતું.

## ફ્રાંસમાં કટ્ટરવાદના પ્રચારના આક્ષેપોને કારણે ૨૦ મસ્જીદોને તાળા લગાવાયા

ફ્રાંસની સરકારે ડિસેમ્બરથી હાલ સુધીમાં ૨૦ મસ્જીદો અને પ્રાર્થનાગૃહોને તાળા માર્યા છે.અધિકારીઓએ આક્ષેપ મુક્યો હતો કે મસ્જીદ અને પ્રાર્થનાગૃહોમાં કટ્ટરપંથી વિચારધારા શીખવાતી હતી.ફ્રાંન્સના ગૃહપ્રધાન બર્નાડ કૈજેઉન્વેએ મસ્જીદો બંધ થઈ હોવાની માહીતી આપી હતી.તેમણે ટ્વીટ કરતાં જણાવ્યુ હતું કે કટ્ટરવાદ સામે ચાલી રહેલા અભિયાનના ભાગરુપે ૨૦ મસ્જીદોને તાળા મારવામાં આવ્યા છે.ફ્રાંસે આ નિર્ણય લીધા પછી ભારતમાં વસી રહેલા બાંગ્લાદેશી લેખિકા તસલિમાં નસરીને કહ્યુ હતું કે બાકીના દેશ આવો નિર્ણય ક્યારે લેશે ? ટ્વીટ કરતાં તસલિમાં એ કહ્યુ હતું કે ફ્રાંસમાં કટ્ટરવાદીઓને પદાર્થપાઠ શીખવવા ૨૦ મસ્જીદોને તાળા મારવામાં આવ્યા છે.બાકીના દેશોએ આવા પગલાં લેવા જોઈએ.

ગૃહપ્રધાન બર્નાડે કહ્યુ હતું કે ફ્રાંસમાં મસ્જીદો અને પ્રાર્થનાગૃહોમાં નફરત શીખવવામાં આવતી હતી.ફ્રાંસમાં આવી પ્રવૃત્તિને કો ઈ સ્થાન નથી.આગામી દિવસો માં વધુ કાર્યવાહી થશે.એક ન્યુઝ ચેનલે જણાવ્યા મુજબ ફ્રાંસમાં ૨૫૦૦ મસ્જીદો અને પ્રાર્થનાગૃહો પૈકી ૧ ૨૦ મસ્જીદ શકના ઘેરામાં છે.આ સ્થાનોમાં ધાર્મિક વિચારોનો પ્રચાર કરવાને સ્થાને કટ્ટરપંથની તાલીમ આપવામાં આવે છે.

## દિલ્હી હાઇકોર્ટે આપેલ ચુકાદાને કારણે દિલ્હી સરકાર નહી પરંતુ લેફ.ગર્વનર જ સર્વોપરી સત્તા

દિલ્હી હાઈકોર્ટે દિલ્હીમાં કોનું રાજ અને કોણ સર્વસત્તાધીશ તે અંગેનો ચુકાદો આપ્યો છે.દિલ્હીના મુખ્ય પ્રધાન કેજરીવાલ અને લેફ.ગર્વનર વચ્ચે ચાલતા કાનુની જંગમાં આખરે દિલ્હી સરકારનો પરાજય થયો હતો.અને દિલ્હી હાઈકોર્ટે લેફ. ગર્વનરને સર્વ સત્તાધીશ છે તેમ ઠરાવ્યુ હતું.

હાઈકોર્ટે ઠરાવ્યુ હતું કે દિલ્હી સરકારે લીધેલા તમામ નિર્ણયોની જાણ લેફ.ગર્વનરને કરવાની રહેશે.દિલ્હી કેન્દ્ર શાશિત પ્રદેશ છે પણ ૬૯માં બંધારણીય સુધારા માટે આ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.આમ કલમ ૨ ૩૯એએ અમલમાં હોવા છતાં કલમ ૨ ૩૯ની જોગવાઈ હળવી થતી નથી.આ ઉપરાંત દિલ્હી સરકારને કોઈ કાયદો બનાવવાની સત્તા નથી.આમ આમ આદમી પાર્ટીની દિલ્હી સરકાર અને લેફ.ગર્વનર જંગની સત્તાને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.અને ઠરાવ્યુ હતું કે એલજીની સલાહ વિના કે ચર્ચા કર્યા વિના દિલ્હી સરકારે લીધેલા નિર્ણયો ગેરકાયદે છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાતનું રાજકીય વાતાવરણ ગરમાવો અનુભવી રહ્યુ હતું.પાટીદાર આંદોલનને દેશભરમાં તેના પડઘા પાડ્યા.પરિણામે પાટીદારોએ ભાજપનો છેડો તોડવાનો પ્રયત્ન કર્યો પરિણામે કોગ્રેસને સ્થાનિક ચુંટણીઓમાં સારો દેખાવ કરવાની તક મળી. હજુ આ બાબતે કળ વળે તે પહેલાં ઉનામાં દલિતો અને ગાયના મુદ્દે દેશભરમાં તો ઠીક આંતરરાષ્ટ્રીય સ્તરે તેના પડઘા પડ્યા.પરિણામે ભાજપની નેતાગીરીની ઉંઘ ઉડી તેમને તો હજુ લોકસભાની ચુંટણીઓમાં પ્રજાએ જે જુસ્સો અને ઉત્સાહ બતાવેલો એના કારણે ભાજપાની નેતાગીરી વેંત ઉચી ચાલતી હતી.તેમને ખ્યાલ આવ્યો કે ખરેખર મોડું થઇ જાય તે પહેલાં પ્રયોગો માટે ઉભી કરેલી પ્રયોગશાળા ગુજરાતને બચાવી લેવું નહિતર આખો દેશ ખોવાનો વારો આવશે.

પરિણામ એ આવ્યુ કે ભાજપ મહિલાઓનો ખુબજ આદર સત્કાર કરે છે અને તેવા તેમના પ્રથમ મહિલા ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને તમામ ગતિવિધિઓનો બકરો બનાવી રાજીનામું લઇ લેવાયું.જો કે ભાજપ કોઇપણ ચિંતિત બાબતને એવા કારણો રજુ કરીને સમસ્યાને સામાન્ય કરી દેવા માટે હંમેશા તૈયાર હોય છે. તેમણે ૭૫ વર્ષના લોકોને રાજકારણમાંથી સંન્યાસ આપવાનો સંકલ્પ દોહરાવ્યો. ખેર,અંદરની રાજરમતને તમે ગમે તેવા વાઘા પહેરાવો પણ પ્રજાને તેની સમજ પડી જાય છે.

ચુંટણીલક્ષી ફેરફારો કરીને ફરીથી વોટબેકો પર કાબુ મેળવવા માટે જે રીત રસમો અપનાવાઇ રહી છે. તેમાં સફળતા મળે કે ન મળે તે આવનારા દિવસોમાં તેનુ પરિણામ આવી જશે. યુ.પી.માં દલિત અને મુસ્લીમ મતો કઇ તરફનો ઝોક લેછે અને તેનું પરિણામ શું આવે છે તે સ્થિતિ નક્કી કરશે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## બેકારીના મુદ્દે રાજસભામાં વિપક્ષોએ ગૃહની કાર્યવાહી મુલવતી રાખવાની ફરજ પાડી

દેશમાં વધતી જતી બેકારીના મુદ્દે વિરોધપક્ષોના સાંસદોએ રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો.આને કારણે ઉપાધ્યક્ષે રાજ્યસભાની કાર્યવાહી મુલવતી રાખી હતી.જેડીયુના શરદ યાદવે શુન્યકાળમાં બેરોજગારીનો મુદ્દો ઉઠાવ્યો હતો.બેકારીની સમસ્યા હવે વિકટ બની છે તેમ કહ્યુ હતું.ભાજપે ૨૦૧૪માં વાયદો કર્યો હતો કે દેશમાં દર વર્ષે ૨ કરોડ લોકોને રોજગારી આપવામાં આવશે.આ વાયદો પુરો કરાયો નથી.જેમાં અંગ્રેજી ભણ્યા હોય છે તેમને નોકરી મળે છે.અને અન્ય ભાષાઓમાં ભણેલાઓને નોકરીની તકો મળતી નથી. દેશમાં સંગઠિત ક્ષેત્રમાં ૨૦૧૧માં ૯ લાખને નોકરી મળી હતી.૨૦૧૩માં આ સંખ્યા ઘટીને ૪.૧૯લાખ થઇ હતી જે ૦૧૫માં ૩ લાખની આસપાસ હતી. કોગ્રેસના આનંદ શર્મા અને કોમ્યુનિસ્ટ પાર્ટીના સીતારામ યેચુરીએ બેકારી અંગેની ચિંતા વ્યક્ત કરી હતી.નોકરી નહીં મળવાથી દેશના યુવાનો નિરાશ થયા છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## પર્યાવરણ-આરોગ્યના બહાના હેઠળ માનવ વસાહતના ૫૦૦મી.સુધી મરઘા ફાર્મ પર પ્રતિબંધ

સરકારે મરઘા નીતિ બન્યા બાદ હવે તેનો અમલ શરુ કરવાનો નિર્ણય કર્યો છે.માનવ વસાહતથી અડધો કી.મી.ના અંતરે મરઘાં પાલન કરવા પર પ્રતિબંધ મુકી દેવાયો છે.આમ જ્યાં માણસો રહેતા હશે ત્યાં મરઘાં ઉછેરી શકાશે નહીં. ૫૦૦તી વધુ મરઘાં રાખતાં તમામ પોલ્ટ્રી ફાર્મો તેમજ મરઘાં પાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તમામ દ્વારાઅરજી કરીને ફી ભરી તેની ત્રણ વર્ષ માટે નોધણી કરાવવી ફરજીયાત છે.નીતિ બની તેને દોઢ વર્ષ પસાર થયું હોવા છતાં પશુપાલન નિયામકે હવે તેનો અમલ શરુ કર્યો છે.હાલમાં ફાર્મ આરોગ્યના કારણોસર બંધ કરી શકાશે.પણ નવા પર પ્રતિબંધ મુકી દેવાયો છે.

દસ હજારથી વધારે મરઘાં ફાર્મ શરુ કરવા માંગતા ઉદ્યોગ સાહસિકોના ફાર્મની જ્યાં સુધી અધિકારી મુલાકાત ન લે ત્યાં અને અહેવાલ ન આપે ત્યાં સુધી તેને મંજુરી અપાશે નહીં. જે જુના મરઘાં ફાર્મ છે તેને બંધ નહી કરાય પણ નવા ચાલુ કરવા માંગતા હશે તેને ૫૦૦મીટરના વિસ્તારમાં મંજુરી અપાશે નહીં.

સરકારમાં બેઠેલા રાજકારણીઓ કે અધિકારીઓ ભલે તેવો માત્ર શાકાહારી હોય તો પણ તેમણે દેશના બહુમતી ધરાવતા માંસાહારી લોકોને અન્યાય ના થાય તે જોવાનું રહે છે.

## દાળ-કઠોળના ભાવો નિયંત્રણ મુક્ત કરવાના સરકારના નિર્ણયને કારણે વધ્યા : મોઢવાડીયા

દાળ-કઠોળના ભાવો ભડકે બળે છે તે માટે તત્કાલિક મુખ્યમંત્રી દ્વારા લેવાયેલ નિર્ણયને કોગ્રેસના પુર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે દેશનો મોંઘવારીના ખપ્પરમાં હોમવાનો જશ તેમને ૨૦૧૩ની સરાકરને આપ્યો હતો. દાળ-કઠોળને નિયંત્રણ મુક્ત કરવાના નિર્ણયથી આયાતકારો, સંગ્રહાખોરો માટે મોકળું મેદાન મળ્યુ હતું.પરિણામે નિર્દોષ નાગરિકો દંડાયા હતા.નાગરિકોના ભોગે વચેટીયાઓ ફાયદો ઉઠાવી ગયા હતા.આવા નિયંત્રણો ઉઠાવીને પ્રજાને મોઘવારીનો અસહ્ય માર પહોચડવાને માટે આ નિણયની તપાસ સુપ્રીમ અથવા હાઇકોર્ટના માર્ગદર્શનમાં કરાવવાની પણ માંગણી મોઢવાડીયાએ કરી હતી.

તેમણે આ પ્રકરણને દાળ કૌભાંડ ગણાવતાં માહિતી અધિકાર કાયદા અંતગર્ત મેળવેલી માહિતી મીડીયા સમક્ષ રજુ કરતાં આક્ષેપ કર્યો હતો કે મોંઘવારીના મુળમાં ઓછું ઉત્પાદન કે અન્ય કોઇ કારણ નહી પરંતુ ૨૦૧૩માં તત્કાલિક મુખ્યમંત્રીએ ગુજરાતમાં કઠોળ પરના નિયંત્રણ માટેનો ગુજરાત પલ્સીઝ(સ્ટોરેજ કંટ્રોલ) ઓર્ડર ૨૦૦૭નો અમલ ન કરવાનો નિર્ણય જવાબદાર છે.

આ અંગેની વિગતો તેમણે આપતાં કહયુ હતું કે ઉત્પાદન ઘટ્યુ નથી પરંતુ સરકારના નિર્ણયોને કારણે પ્રજાને દાળ કઠોળની તંગી અને ઉચા ભાવો આપવા પડ્યા છે.

## સરકાર પાસે ગૌરક્ષકોના સ્વાંગમાં રહેલા માથાભારે તત્વોને જેર કરવાનો સમય આવી ગયો છે

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સત્તા આવી ત્યારથી કેટલાક રાજકીય નેતાઓના પીઠબળો ગૌરક્ષાના નામે કેટલાક સંગઠનો ફુટી નીકળ્યા છે. પરિણામે ઠેર ઠેર પોલીસ જેવી સત્તાઓ ભોગવીને આ માથાભારે તત્વો ખંડણી ઉઘરાવવી,લોકોના તોડ કરવા વિગેરે કર્મકાંડ ચાલુ છે.પોલીસનો પણ તેમાં તેમને સાથ સહકાર મળી રહ્યો છે.ધર્મના નામે લોકોની લાગણીઓ સાથે ચેડા કરીને આ લોકો કામ કરી રહ્યા છે.જીવદયાના નામે ધાર્મિક શ્રધ્ધા ધરાવતા અને મોટી ખેરાત દાનો કરતાં લોકો પાસે આવા સંગઠનો દ્વારા મોટી રકમો એઠી લેવાય છે.આવા સંગઠનો દ્વારા જીવ બચાવ્યા અને કતલખાને જતા જીવોને કસાઇ પાસેથી મેળવ્યા તેવા ફોટાઓ પાડવામા આવે છે. અને દાનવીરોને બતાવી તેમની ધાર્મિક લાગણીઓ સાથે ચીટીંગ કરવામા આવે છે.

ગુજરાતના ઉનામાં ગૌરક્ષકોએ કરેલા બેરહમી અત્યાચાર બાદ આ બાબત રાષ્ટ્રીય મુદ્દો બની ગઇ છે.હવે રજુઆત એવી કરવામાં આવી રહી છે કે તેઓ ગૌરક્ષકો નહોતા પરંતુ તેના સ્વાંગમાં માથાભારે તત્વો હતો જેમની ગાડીઓ પર શિવસેનાના લેબલો લગાડવમાં આવ્યા હતા.ગુનો કરવાની રીતો કે આચરવાની આવી જાહેર કરવામાં આવતી રીતો સામાન્ય માણસોના મગજમાં ચાલી જાય પરંતુ જેઓ આ બાબતે વિચાર કરવા સમર્થ છે તેમને આવી કપોળ કલ્પિત વાતો મગજમાં ઉતરતી નથી.પોલીસ અને રાજકારણીઓ તેમની પાંખોને બચાવવા માટે આખી ઉભી કરેલી વ્યવસ્થા છે.પરિણામ એ આવ્યું કે આખું સૌરાષ્ટ્ર ગૌરક્ષકો નહી સવર્ણોની વિરુધ્ધ ઉભુ થઇ ગયું. દલિતોએ જાહેર કરી દીધું કે તેઓ હવે મરેલા ઢોરનો ખેચશે નહી.પરિણામની કલ્પના કરી જુઓ.શું બની શકે છે.રોગચાળો ફાટી નિકળી શકે છે.અને કાયમી અરાજકતાનું નિર્માણ થઇ શકે છે.તેમજ સામાજિક વ્યવસ્થા હડોળાઇ જાય.

ઉનાના પ્રકરણમાં ગુજરાત સરકાર આરોપીના પાંજરામાં મુકાઇ ગઇ છે.હવે મધ્યપ્રદેશનો વારો, ત્યાં મંદસૌરમાં પણ ગૌરક્ષકો દ્વારા બે મુસ્લીમ મહિલાઓને જાહેરમાં માર મારવામાં આવ્યો. ક્યાં ગઇ હિંદુ સભ્યતા અને સંસ્કૃતિની દુહાઇ દેનારાની વાતો.અહીં ભેસનું માસ લઇ જતી મહિલાઓને ગાયનું માંસ લઇ જતી હોવાની શંકાને આધારે ફટકારવામા આવી હતી.આજ રીતે વિહિપ અને બજરંગદળના કાર્યકરો ધર્માંતરણનો મુદ્દો ઉપસ્થિત કરીને ખ્રિસ્તીઓ પર હુમલા કરે તેમની હિંસા કરે કેમકે તેમને શંકા હતી કે તેઓ કેટલાક લોકોનું ધર્માંતરણ કરતા હતા.આ કામ માત્રને માત્ર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંભાળી રહેલા કાનુની રક્ષક પોલીસનું છે. નહી કે આવા માથાભારે તત્વો જે હિંદુત્વનો ઝંડો લઇને ફરે છે તેમનું.દેશભરમાં ગૌરક્ષકોના સ્વાંગમાં ઘુસી ગયેલા માથાભારે તત્વો દ્વારા આ રીતે કાયદો હાથમાં લેવાતો હોય અને આવી ઘટનાઓ બનતી હોય તે સત્તા પર બેઠેલા લોકો માટે શરમજનક છે.સત્તા પર બેઠેલા લોકો આવા તત્વો સામે આંખ આડા કાન કરીને તેમને ચલાવી લે છે પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી જાય છે.ગૌરક્ષા ભારત દેશમાં હિદુત્વના ઠેકેદારો માટે સંવેદનશીલ મુદ્દો છે.જો કેપહેલા કૃષિ વ્યવસ્થામાં ગૌવંશ મહત્વની ભુમિકા ભજવતો હતો.પરંતુ જયારથી ટ્રેકટરોનું આગમન થયું ત્યારથી બળદો દવારા થતી ખેતીમાં રુકાવટ આવતી ગઇ. કારણકે ઝડપથી ખેતરોનું ખેડાણ વિગેરે થાય છે.જ્યારે પ્રજાની ધાર્મિક લાગણીઓ ગૌરક્ષા સાથે જોડાયેલી હોય તો આ બાબતે સરકારે વ્યવસ્થિત પગલાં લેવા જોઇએ.આ કામ સરકારનું છે.સ્વૈચ્છીક સંગઠનોનું નહી.તેમાં પણ જે રીતે સ્વૈચ્છીક સંગઠનોના કાર્યકરો હાઇવે પર ઉભા રહીને ટ્રકો અટકાવે છે કે જુદા જુદા સ્થળે દરોડા પાડે છે તે કામગીરી તો બિલકુલ પોલીસની કામગીરી પ્રકારની છે.કોઇ સંસ્થા પોલીસને માહીતી આપે કે લોકશાહી માર્ગે લોકોને એકઠા કરીને ગેરકાનુની પ્રવૃત્તિ અટકાવે તે જુદી વાત છે અને પોતે પોલીસની જેમ વર્તે તે અલગ વાત

અનું પાન નં ૨ ઉપર

# ગૌભકિત અને તેમના રાજકીય ધર્મ રક્ષકો ગૌમાતાના નામે શું કરવા માંગે છે

ગૌમાતાના નામે દંભ કરવો એની કોઈ સીમા નથી.એક સમાજ જે ગાયોને પાળવાનો કહેવાતો ધંધો કરે છે તે રસ્તાઓ પર આ રખડતી ગૌમાતાઓને શહેરમાં માત્ર દુધ દોહવા માટે ઘેર લઈ જાય છે.ત્યાર પછી પ્લાસ્ટીકની થેલીઓ આરોગવા રસ્તા પર છોડી મુકે છે.તે પછી રસ્તાઓ ઉપર બેસીને ટ્રાફિકમાં અડચણ ઉભી કરે કે લોકોની સાથે અથડાય કે અકસ્માત કરે

કેટલીક જગ્યાઓ પર આ ગૌમાતાના માલિકો અને ઘાસચારો વેચતા લોકોનું ગઠબંધન જોવા મળે છે. ઘાસચારો વેચતા લોકો મંદિરોની નજીકમાં ખુલ્લી જગ્યાઓમાં ઘાસ રાખીને ઉભા રહે છે. જ્યાં કેટલાક ઉચ્ચ વર્ણના લોકો જેને ગૌમાતાને ઘાસ કરીને દાન મેળવવાની કે પોતાનું ભલુ કરવાની લ્હાય હોય છે તેવો ઘાસ વેચાતુ લઈને ગાયને ખાવા આપી ગૌમાતાનો સ્પર્શ કરીને પોતાને ધન્ય માને છે. આવી જગ્યાઓ પર ગૌમાતાના માલિકો પોતાની ગાયો ઉભી રાખી દે છે તેથી તેમને તે ગાયોને ચારો ખવડાવવાની કે ઘાસ વેચાતુ લાવવાની ઝંઝટ કરવી પડતી નથી.ઘાસ વેચાનારો કમાય, દાન કરનારો પુણ્ય કમાય અને ગાયનો માલિક મફતમાં દુધ કાઢીને વેચીને કમાય.ગૌમાતા કેટલા જણની વ્યવસ્થા પુરી કરે છે.છતાંય મોટાભાગની દુધ નહી આપતી ગાયોને રોડ પરથી પ્લાસ્ટીક કે એઠવાડ ખાઈને જીવન ગુજારવાનો વારો આવે છે.

કેટલાક પ્રશાસનો રસ્તે રઝળતી ગાયોને પાંજરાપોળમાં ટ્રક ભરીને છોડી આવવા માટે મોટુ બજેટ પસાર કરે છે.અને તેમાંથી પણ કેટલાક હિંદુ અધિકારીઓ મોટી લાંચની રકમ પડાવે છે.આ ઉપરાતં જો ઢોરવાડાંમાં રસ્તે રખડતી પકડાયેલી ગાયો પૈકી કોઈનું મરણ થાય તો તેની ઉપર વીમો પણ પકાવવામાં આવે છે. થોડાક વર્ષો પહેલા આવો એક કિસ્સો અમદાવાદમાં બનેલો જેનો દૈનિક પેપરોમાં પર્દાફાશ થયેલો.જો ગૌમાતા માટે તમારુ લોહી ઉકળતું હોય તો સહુ પ્રથમ જીવતી ગાયો રિબાઈને ના મરે માટે રસ્તા પર પડેલી પ્લાસ્ટીકની થેલીઓ ભેગી કરીને તેને યોગ્ય જગ્યાએ પધરાવો જેને સાચી ગૌસેવા કરી ગણાશે.પ્લાસ્ટીકની થેલીઓમાં ભરેલો એઠવાડ ખાવાને કારણે રખડતી ગાયો રિબાઈને મરે છે.

ગાયો વિશે રાજ્ય સરકારે અનેક વિભાગો ખોલી રાખ્યા છે.ગૌરક્ષા સમિતિઓ નિમાઈ છે. ગાયોની મહાનતાઓ વિશે નવા સંશોધનો અને પ્રમાણો બહાર પડી રહ્યા છે.હોલસ્ટીન કે જર્સી ગાય પવિત્ર કે પુજનીય નથી માત્ર ભારતીય વંશની ગાયો પુજનીય છે. ગૌમુત્રમાં સોનું છે વગેરે વગેરે.છતાં ગૌરક્ષકો પોતાના મકાનોમાં ગાયો પાળતા કે રાખતા નથી.હશે કોઈ અપવાદ. વાસ્તવામાં પ્રકૃત્તિના તમામ જીવો પુજનીય છે. પ્રાણીઓ માનવીને કેટલા ઉપયોગી છે તેમાનો એક ટકો માનવી પ્રાણીઓ માટે ઉપકારક નથી.સમાજને જેની જરુર છે તેને તે વધુ મારે છે.

દલિતોએ હજારો વર્ષ સમાજની ગંદકી સાફ કરી છે.બીજા કોઈ કરવાના નથી.આજે તેઓ કામ બંધ કરવાના મુડમાં આવ્યા છે.જો તેમ કરશે તો આપણી હાલત શું થશે તેની કલ્પના કરી અઘરી છે.નબળા માણસો ક્રુરતા આચરવાની જે વૃત્તિ માનવીમાં જોવા મળી છે તે પ્રાણીઓમાં નથી. પ્રાણી માત્ર પોતાના બચાવ એ ખોરાક માટે હિંસા કરે છે.સમઢિયાળા અને બેડિયા ગામના ત્રાસકર્તાઓએ કોઈ રાજકીય હેતુ સિધ્ધ કરવા માટે આ ત્રાસ ગુજાર્યો છે.સ્વાર્થ માટે માણસ ગમે તે હદે જઈ શકે છે.

લોકસભાની ચુંટણીમાં પ્રચાર સમયે કેટલાક શંકાશીલોએ આશંકા વ્યક્ત કરી હતી કે ભાજપ ચુંટાઈ આવશે તો તેમના ધાર્મિક એજન્ડાને આગળ વધારશે.આ ગૌમાતા પણ તેમના એજન્ડામાં સમાયેલ મુદ્દો હતો.જો કે વડાપ્રધાને વિકાસ સિવાય અન્ય કોઈ બાબત નથી તેવું વારંવાર જણાવેલ.પરંતુ હવે શંકાશીલો સાચા પડવા લાગ્યા છે.ધાર્મિક પ્રતિકો અને પ્રસ્તાવના વધી ગઈ છે અને વિકાસ બાજુ પર રહી ગયો છે.ગુજરાતમાં હાલમાં જે ચાલી રહ્યુ છે તે વિકાસનો મુદ્દો નથી.


IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.
Tour Date 18 May ‘16,Sept.16 November,2016
પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * * *



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# જીવદયાના નામે ગુજરાતભરમાં ઉભી થઇ ગયેલી હાટડીઓ સામે આખરે સરકારે તવાઇ લાવવાની સુચનાઓ આપી

સુપ્રીમ કોર્ટની ગુજરાત સરકાર પર વરસાવેલી ફીટકાર અને રૂ ૨૫લાખના દંડ પછી પણ સરકાર જાગી નહોતી.કારણકે તેમને એવું લાગતું હતું કે ગૌભક્તોને નારાજ કરવા પોષાય તેમ નથી.કારણે ભાજપની મતબેંક ધીમે ધીમે તુટતી જાય છે. પાટીદારો નારાજ થયા અને ગૌભક્તો અને ગૌમાતાના મુદ્દે બીજા તેમના સમર્થકો તેમનાથી દુર થઈ જાય તો તેમના માટે આવતી ચુંટણીઓમાં ફરક પડે. પરંતુ તેમને ખબર નથી કે તેઓ આ બાબતે રાજ્યમાં ગુનાહિત તત્વોને મોકળું મેદાન આપી રહ્યા છે.ખેર,દેર આયે દુરસ્ત આયે. તાજેતરમાં સૌરાષ્ટ્રના ઉનામાં થયેલા દલિતો વિરુધ્ધની ઘટનાના છાંટા આખા દેશભરમાં ઉડ્યા છે.પરિણામે સરકાર સફાળી જાગી અને ગૃહવિભાગે ગૌભક્તિના નામે ચાલતી તમામ દમનકારી એનજીઓ,ગુંડાતત્વોનો રેકોર્ડ એકત્રિત કરીને તમામ સામે એકશન લેવા માટે જિલ્લા પોલીસને સુચનાઓ આપવામાં આવી છે.

મરેલી ગૌમાતાના ચામડા ઉતારનારા દલિત યુવાનોને કહેવાતા ગૌભક્ત સંગઠને પોલીસના સહકાર તળે જે દુષ્કર્મ આચર્યું તેના ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે.જ્યાં ભાજપની સરકાર નથી એવા રાજ્યોમાં આવા સંગઠનો દ્વારા દલિતોના ઘેર ગૌમાંસ રંધાય છે તે નામે તોડફોડ અને હિંસા આચરાઈ.ગૌભક્તો અને ભાજપની ભગીની સંસ્થાઓને ભાજપ સત્તા સ્થાને આવ્યા બાદ ગમે ત્યાં કાયદો હાથમાં લેવાની પરવાનગી મળી ગઈ હોય તેમ વર્તવામાં આવે છે. તોડફોડ,હિંસા અને ખુન ખરાબા કરવા એ તેમની આચારસંહિતા હોત તેવી રીતે વર્તવામાં આવે છે. તેમને કોઈ કાયદાનું બંધન નડતું નથી.તેમજ સરકારમાં બેઠલા તેમના આકાઓ પણ તેમના માટે પુરતી સહાનુભુતિ ધરાવે છે.તેથી તેમની સામે કોઈ કાર્યવાહી થતીનથી.જો કે તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જે નિર્ણયો આપ્યા છે તે તેમની આંખ ઉઘાડનારા છે તેમને એમ લાગ્યું છે કે દેશમાં અમારી કોઈપણ પ્રકારની નીતીમત્તા વિરુધ્ધની વર્તણુક કે કાર્યવાહીને સુપ્રીમ કોર્ટ પડકારી શકે છે.અને ઘડિયાળના કાંટા પાછા પણ ફેરવી શકે છે.

અનુ.પાન નં.૨ ઉપરનું ચાલુ

છે.આવી પરવાનગી કોઈને આપી શકાય નહીં.આ કામગીરીમાં જેન્યુઈન ફરજ બજાવતા લોકો કોણ છે અને લેભાગુ તથા માથાભારે તત્વો કોણ છે તેની ચકાસણી કરવી જોઈએ.સરકાર પાસે આવી વ્યવસ્થા ઉભી કરવાની ફરજ છે.જો સરકાર પાસે આવી ક્ષમતા જ ન હોય તો તેણે તેના માટે અલગ પોલીસ તંત્રની શાખા ઉભી કરવી ઘટે.પછી દારુબંધીની જેમ અલગ ખાતું પણ દારુના વેપાર સાથે સંકળાયેલ હોય તેવું ના ચાલે.આપણે ગુજરાતમાં દારુબંધીની જે હાલત છે તે જોઈ છે.સરકારે ગૌરક્ષાના નામે આ ક્ષેત્રમાં ઘુસી ગયેલા તત્વોને દુર કરવા જોઈએ અને તેમને પકડીને સખ્ત નશ્યત કરવી જોઈએ.

સહુ પ્રથમ ગૌરક્ષાના નામે રાજકારણમાં ઘુસી જઈને પોલીસ તંત્ર સાથે હાથ મિલાવી ચાલતા આ માથાભારે તત્વોની ઝડપી ઓળખ કરી લેવી જરુરી છે.એવા અનેક વાહનો હાઈવે પર ફરી રહ્યા છે જેના પર પોલીસ અથવા તો સરકારી ગાડી હોવાના નિશાનો હોય છે અને તેઓ આ પ્રકારે વાહનોની ઝડતી કરી અને તોડબાજી કરતા હોય છે.સરકારે તેમને આ બાબતે પરવાનગી આપી છે તેમ છાતી ઠોકીને કહેતા હોય છે. (સૌ.નગુ.સ. આધારે)


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# સીએજીના રીપોર્ટ અનુસાર સુપ્રીમ કોર્ટે ગૌમાંસની પોલીસ ભુમિકાની ઝાટકણી કાઢી ગુજરાત સરકારનો રૂ ૨૫ લાખનો દંડ કર્યો : ગૌમાંસના નામે ખંડણી ઉઘરાવતા ગૌભક્તો અને પોલીસની મીલી ભગત

કંડલા,મુંબઇથી નિકાસ થતાં કન્સાઇન્મેન્ટને આંતરવા ગૌભક્તિના નામે ખંડણીનું નેટવર્ક ચાલી રહ્યું છે.માંસ નિકાસકર્તાઓના કન્ટેનરને ગુજરાતની બોર્ડર પર આંતરીને ભેસનું માંસ ગૌમાંસના રીપોર્ટમાં કન્વર્ટ કરીને નિકાસકારો પાસેથી મોટી ખંડણી વસુલ કરવામાં આવી રહી છે અને તેમાં કહેવાતા રાજકારણીઓ,ગૌભક્તો અને પોલીસની મીલી ભગત છે.આ અંગે માંસ નિકાસકર્તાઓ અને ગુજરાત સરકાર વચ્ચે ૨૮ દિવસ સુધી ન્યાયિક લડાઇ ચાલી જેમાં સીબીઆઇની એફએસએલના રિપોર્ટના આધારે સુપ્રીમ કોર્ટે પોલીસની ભુમિકાની આકરી ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં પણ ગુજરાત સરકારનો રૂ.૨૫લાખનો દંડ ફટકાર્યો હતો.

ગુજરાત સરકારે ગૌવંશ રક્ષણ કાયદો ઘડી ગૌહત્યા,ગૌમાંસની હેરફેર કરતા તત્વોને નશ્યત આપવા પોલીસને અધીકારો આપ્યા છે. જો કે આ કાયદાની આડમાં પોતાને ગૌભક્ત અને ગૌમાતા બચાવો સ્વૈચ્છીક સંસ્થા જાહેર કરી બની બેઠેલા કથિત ગૌરક્ષકોનું પોલીસ સાથેની સાંઠગાંઠમાં માંસ નિકાસ કરતાં ઉદ્યોગો,ટ્રાન્સપોર્ટરો અને સપ્લાયરો પાસેથી ખંડણી વસુલ કરવાનું ભારે નેટવર્ક રાજ્યભરમાં ચાલી રહ્યું છે.

સીએજીના રિપોર્ટ અને સુપ્રીમ કોર્ટની ફટકાર સાથે રૂ.૨૫ લાખનો દંડની સજા ભોગવી રહેલા રાજ્યના ગૃહ વિભાગને ગુજરાતમાં કથિત ગૌભક્તો,પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સાંઠગાંઠની મોડ્સ ઓપરેન્ડીની ખબર હોવા છતાંયે આવા તત્વોને નશ્યત કરવાને બદલે ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે.ઉત્તર ભારતમાંથી વિદેશમાં નિકાસ કરાતાં માંસના કન્ટેનરોને ગુજરાતમાંથી જ કંડલા અને મુંબઇના જવાહરલાલ નહેરુ પોર્ટ પર જવું પડે છે.આવા કન્સાઇન્મેન્ટને આંતરીને તેમાં ગૌમાંસ હોવાનો આરોપ મુકીને અટકાવી દેવાય છે.કહેવાતા ગૌભક્તો પોલીસની સાંઠગાંઠમાં સપ્લાયર પર કેસ કરીને કન્ટેનરને સીઝ કરવાના નામે તોડબાજી કરવામાં આવે ચે.આ પ્રકારના ત્રાસ અંગે ઉત્તરપ્રદેશ,રાજસ્થાન અને મધ્યપ્રદેશના નિકાસકારોએ ગૃહ વિભાગને પુષ્કળ ફરિયાદો કરી હતી.પરંતુ રાજકીય નેતાઓના પીઠબળને કારણે સત્તાસ્થાને બેઠેલાઓ અને પોલીસ બધાએ ભેગા મળીને ખંડણીનું આખું નેટવર્ક ઉભુ કરી દીધું છે.

ઘણા બધા સમાચાર પત્રોમાં આ અંગેની હકીકતો છપાઇ છે અને સીએજીના અહેવાલને પ્રસિધ્ધ પણ કરવામાં આવ્યો છે. રુ.૨૫લાખનો દંડ પોલીસને બચાવનાર ગૃહ વિભાગે ભર્યો છે. અને ખંડણીના નેટવર્કના મુળ સુધી પહોચવાને બદલે આ બાબત પર ઢાંકપિછોડો કરતાં ગૌભક્તિના નામે ચરી ખાતા ગુંડાતત્વોની તાકાત વધી છે.ગુજરાતમાં જીવદયાને નામે ફુટી નિકળેલી અનેક સંસ્થાઓમાં આવા ગુંડાતત્વો સાથે પોલીસ ભળીને ખંડણીનું નેટવર્ક ચાલી રહ્યું છે.કસાઇઓને પોલીસ અને ગૌભક્ત મંડળીઓને હપ્તા આપવા પડે છે તેવા સમાચારો પણ મળી રહ્યા છે.હિંદુત્વ,મંદિર અને ગૌમાતાના બળે ચુંટાયેલી સરકાર હવે ગૌમાતાના નામે ગુંડાતત્વોને ચરી ખાવા માટે છૂટછાટ આપી દીધી છે.તેમજ આવા ગૌભક્ત ગુંડાતત્વો રાજ્યના કોઇપણ માર્ગમાં વાહનો અટકાવી ચેકીંગ કરતાં હોય છે જે તેમની ફરજમાં આવતું નથી.તેમજ આવા બહાને હાઇવે પર અનેક વખતોએ આવા ચેકીંગ લોકો લુંટાઇ ગયા હોવાના સમાચારો આવ્યા છે.ચેકીંગના બહાને બકરા અને ઘેટા લઇ જતી ટ્રકો,તેમજ ચીકનની હેરાફેરી કરતા વાહનોને રોકી તેમની પાસે ખંડણી ઉઘરાવવી કે તેમનો માલ જપ્ત કરીને પાંજરાપોળના નામે બારોબાર વેચાણ કરી દેવાના બનાવો પણ બન્યા છે.સરકારે માત્ર પોલીસને જ સત્તા આપી છે તે સત્તા અન્યોને ટ્રાન્સફર કરવાની કોઇ જોગવાઇ નથી. તો સરકારે તાત્કાલિક આવા તત્વો અને આવા સંગઠનો પર કડક હાથે કામ લઇને તેમની કામગીરીને રોકવી જોઇએ.પોલીસની કામગીરી માત્ર નાણા ઉઘરાવવા માટેની વ્યવસ્થા જેવું બની ગઇ છે તેને કોણ રોકશે ?



# સંસદમાં ગૌરક્ષાના મામલે વિપક્ષોનો સરકાર પર મુસ્લીમો અને દલિતો પર દમન કરવાનો આરોપ સહિત વોકઆઉટ

મધ્યપ્રદેશના મંદશોરમાં કથિત ગૌમાંસ લઇ જતી બે મુસ્લીમ મહિલાઓની મારપીટ કરવાનો મુદ્દો લોકસભામાં ચગ્યો હતો.આ મામલે લોકસભામાં ગૃહપ્રધાન રાજનાથસિંહે નિવેદન કર્યુ હતું કે જોકે વિપક્ષોને તેમના જવાબથી સંતોષ થયો નહતો.આથી વિપક્ષી સાંસદોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો.કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ શુન્યકાળમાં મંદસૌરની ઘટનાનો મુદ્દો ઉઠાવ્યો હતો.ખડગેએ ગૌરક્ષા સંઘ પર પ્રતિબંધ મુકવાની માંગણી કરી હતી.ભાજપશાસિત રાજ્યોમાં દલિતો અને મુસ્લીમો પર હુમલામાં વધારો થયો છે. આવી ઘટનામાં સંઘ,ભાજપના કાર્યકરો સંડોવાયેલા છે તેવા આક્ષેપો કર્યા હતા.

ગૃહપ્રધાને કહ્યુ હતું કે કાયદો અને વ્યવસ્થાએ રાજ્યોનો મામલો છે.એમપીની સરકારે આ કેસમાં તાકીદના પગલાં લીધા છે. ઘટનાની તપાસ કરાઇ રહી છે.સૌને વિશ્વાસ રાખવો જોઇએ કે ઘટનામાં સંડોવાયેલા લોકોને ન્યાય મળશે.

ગૃહપ્રધાનના જવાબથી નારાજ કોંગ્રેસ,તુણમુલ કોંગ્રેસ, જનતાદળ યુનાઇટેડ,આરજેડી,રાષ્ટ્રવાદી કોંગ્રેસ,ડાબેરી સાંસદોએ સુત્રોચ્ચાર સાથે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો.કોંગ્રેસના ખડગેએ આક્ષેપો કર્યા હતા કે ગૌરક્ષાના નામે ભાજપના કાર્યકરો દલિતો અને મુસ્લીમો પર દમન કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના ઇશારે આ બધું કરાઇ રહ્યુ છે.મુસ્લીમ મહિલાઓની ગૌમાંસની શંકાને કારણે પીટાઇ કરાઇ હતી તે બીફ હતું. દર૧૮ મીનિટે એક દલિત દમનનો ભોગ બને છે. છતાં દોષિતો સામે કાર્યવાહી થતી નથી.

દુનિયાની સૌથી મોટી સડક બ્રાઝીલની ધ મારુ મીટલ એક્સિસ પરથી એક સામટી એકસો સાઇઠ(૧૬૦)મોટરો દોડે છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઇંચ જેટલો વધે છે.

ઇંગ્લાંડમાં ત્રણ માંબાપો છ બાળકોની જોડીઓ ધરાવે છે.હાલમાં દુનિયામાં છ બાળકોના જોડકાંઓ હયાત છબેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.